# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-01-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર 19 ફેબ્રુઆરીથી 28 માર્ચ સુધી યોજાશે જેમાં 27 બેઠક મળશે
2. રાજ્ય સરકારને જંત્રી માટે વાંધા સૂચનોની અત્યાર સુધી 11 હજાર 46 અરજી મળી
3. રાજ્યમાં નવી 607 આધુનિક ટેકનોલોજી યુક્ત આંગણવાડી-નંદઘરના નિર્માણકાર્યનો મુખ્યમંત્રીએ આરંભ કરાવ્યો
4. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે રાજ્યના પ્રવાસે. અમદાવાદ અને સુરતમાં વિવિધ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
5. ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટીક ટુકડી દ્વારા વડોદરાના આકાશમાં દિલધડક કરતબો યોજાયા

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA SATRA

પંદરમી ગુજરાત વિધાનસભાનું છઠ્ઠુ સત્ર 19 ફેબ્રુઆરીથી મળશે ..28 માર્ચ સુધી ચાલનાર આ બજેટ સત્રમાં કુલ 27 બેઠકો મળશે .નાણા મંત્રી કનુભાઈ દેસાઈ 20મી ફેબ્રુઆરીએ વર્ષ 2025-26નું બજેટ રજૂ કરશે..

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પંદરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર વિશે  વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, 26 દિવસ ચાલનારા બજેટ સત્રમાં પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી શરૂઆત થશે. નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સત્રના બીજા દિવસ 20મી ફેબ્રુઆરીએ ગુજરાતનું વર્ષ 2025-26નું બજેટ રજૂ કરશે. આ સત્રમાં સરકારી વિધેયકો, બિન સરકારી વિધેયકો, વિનિયોગ વિધેયક રજૂ થશે. વર્ષ ૨૦૨૫ ગુજરાતની પ્રગતિ માટે માઈલ સ્ટોન સાબિત થશે. તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

(બાઇટ- ઋષિકેશ પટેલ,પ્રવક્તા મંત્રી, બજેટ માટે)

દરમિયાન કેબિનેટની બેઠકમાં જંત્રીના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. શ્રી પટેલે કહ્યું કે **રાજય સરકારને** ૧૧,૦૪૬  વાંધા અરજી મળી છે. તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ- ઋષિકેશ પટેલ,પ્રવક્તા મંત્રી, જંત્રી માટે)

. . . . . . . . . . . . .

# CM DIGITAL NANDGHAR

લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીના ઉપયોગથી રાજ્યમાં નવી ૬૦૭ આંગણવાડી-નંદઘરનું નિર્માણ કરાશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી નિર્માણ કાર્યનો ડિજિટલ શુભારંભ કરાવ્યો હતો.

રાજ્ય સરકારના સાહસ GSPC તથા તેની ગ્રુપ કંપનીઓ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી CSR અંતર્ગત આંગણવાડીઓનું અદ્યતન સુવિધાઓ સાથે નિર્માણ થશે.. વિકસિત ગુજરાતથી અગ્રીમ રહેનારી ભાવિ પેઢીનો મજબૂત પાયો નાખવાનું કામ આંગણવાડી કેન્દ્રો કરશે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવા અદ્યતન, સુવિધાસભર, ગુણવત્તાયુક્ત આંગણવાડીઓના નિર્માણ માટે રાજ્ય સરકાર પૂરતું ભંડોળ આપશે..

. . . . . . . . . . . . .

# AMIT SHAH – GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે રાજ્યના એક દિવસના પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ અમદાવાદમાં સાત અને સુરતમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આવતીકાલે સવારે તેઓ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્ઘાટન, ત્યાર બાદ સુરતમાં શ્રી બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને શ્રી ફુલચંદભાઈ જયકિશનદાસ વખારિયા સેનેટોરિયમનું ઉદ્ઘાટન કરશે.

સુરતના કાર્યક્રમ બાદ તેઓ અમદાવાદ મહાનગરપાલિકા અને રેલવે દ્વારા તૈયાર કરાયેલી વિવિધ વિકાસલક્ષી યોજનાઓનું લોકાર્પણ કરશે, જેમાં અમદાવાદ મનપા અને રેલ્વે વિભાગ દ્વારા બનાવવામાં આવેલા ડી-કેબિન અંડરપાસ અને ચૈનપુર અંડરપાસનું ઉદ્ઘાટન કરશે. જળ સંચય અભિયાન હેઠળ રાણીપ વોર્ડની અદ્વૈત સોસાયટીમાં પરકોલેટીંગ વેલના બાંધકામનો શિલાન્યાસ, રાણીપ વોર્ડમાં આરસીસી બોક્સ ડ્રેનેજનું ખાતમુહૂર્ત કરીને AMCના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કરશે. જ્યારે પ્રવાસના અંતે તેઓ CIMS રેલ્વે ઓવરબ્રિજ નીચે બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને ખુલ્લું મુકશે.

. . . . . . . . . . . . .

## MAHAKUMBH SPECIAL TRAIN

પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં મોટી સંખ્યામાં ભક્તો પહોંચી રહ્યા છે. ત્યારે પશ્ચિમ રેલવે ખાસ ટ્રેનો દોડાવી રહ્યું છે. જેમાં 34 ટ્રેન અમદાવાદ ડિવિઝન દ્વારા દોડાવાઇ રહી છે. આ અંગે અમદાવાદ રેલવે ડિવિજનના જનસંપર્ક અધિકારી અજય સોલંકીએ વધુ માહિતી આપી.

**(બાઇટ: અજય સોલંકી – જનસંપર્ક અધિકારી –રેલવે ડિવિઝન)**

. . . . . . . . . . . . .

## ARVALLI – BIKE RALLY

અરવલ્લી જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરાઇ હતી. જે અંતર્ગત મોડાસા પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી ખાતેથી બાઇક રેલીનું આયોજન કરાયું હતું. આ બાઈક રેલી મોડાસા શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી પસાર થઈ ટ્રાફિક અંગે જાગૃતતા ફેલાવી હતી.

(બાઇટ: અજય ચૌધરી, RTO ઈન્સ્પેક્ટર, અરવલ્લી)

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# VADODARA AIRFORCE

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટુકડીએ આજે વડોદરામાં એરોબેટિક પ્રદર્શન કર્યું હતુ. સૂર્યકિરણ એરોબિટિક ટુકડી દ્વારા કરાયેલા દિલધડક કરતબોથી વડોદરાનું આકાશ ગુંજી ઉઠ્યું હતું. એર શૉ દરમિયાન આ સાહસિવીરોએ લૂપ્સ, રૉલ્સ, હેડ-ઑન ક્રૉસ, બઝ અને ઈન્વર્ટેડ ફ્લાઇંગ જેવા શ્વાસ થંભાવી દેનારા એરોબેટિક દાવપેચનું પ્રદર્શન કર્યુ હતુ. આ એર શો દરમિયાન લોકપ્રિય DNA દાવપેચ પણ રજૂ કરાયા હતા, જેમાં 5 વિમાન સાથે મળીને આકાશમાં DNAના માળખા જેવા હેલિક્સની રચના કરી હતી..

વડોદરા બાદ  વાયુસેનાની આ ટુકડી 25 અને 26 જાન્યુઆરીએ જામનગર, 29 જાન્યુઆરીએ નલિયા અને 31 જાન્યુઆરી તેમજ પહેલી ફેબ્રુઆરીએ ભુજમાં એર-શૉ યોજશે.

. . . . . . . . . . . . .

## GANDHINAGAR NIFT

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ફેશન ટેકનોલોજી સંસ્થાન - NIFTનો 40મો સ્થાપના દિવસ ઉજવાયો. આ પ્રસંગે NIFT ગાંધીનગરના નિયામક પ્રો. ડૉ. સમીર સૂદે સંસ્થાની સર્વાંગી વિકાસ, સાંસ્કૃતિક જોડાણ અને ટકાઉપણું પ્રત્યેની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો.

. . . . . . . . . . . . .

## DAMAN - NIFT

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT)નો 40 મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો.આ કાર્યક્રમમાં નિફટની વિદ્યાર્થીની અનુષ્કા અગ્રવાલ દ્વારા 'બ્રોકન ડોર' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા નિફ્ટ કોલેજ વિશે જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ કાર્યક્રમ અને ફેશન શો પણ યોજાયો હતો.

. . . . . . . . . . . . .

# MEHSANA MANIYARA RAS

નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમિયાન વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ થશે. આ ટેબ્લોમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા દિલ્હી ખાતે યોજાઈ ગઈ. જેમાં ગુજરાત ટેબ્લો સાથે ગયેલા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલી સાંસ્કૃતિક પ્રસ્તુતિ ‘મણિયારા રાસ નૃત્ય’ ત્રીજા ક્રમે વિજેતા બન્યું છે. રાજ્ય સરકાર વતી સાંસ્કૃતિક ગ્રુપના કલાકારોએ ટ્રોફી સ્વીકારી હતી.

. . . . . . . . . . . . .

# TAPI - REPUBLIC DAY REHARSHAL

તાપીના વાલોડ ખાતે ૭૬મા પ્રજાસત્તાક  દિવસની રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત આજે તાપી જિલ્લા કલેક્ટર ડૉ. વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને બાજીપુરા પરેડ ગ્રાઉન્ડ ખાતે રિયલ ટાઈમ રિહર્સલ યોજાયું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત જિલ્લા પોલીસના જવાનો દ્વારા પરેડ રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ તાપી જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓએ સાહસ અને શૌર્યથી ભરપૂર સાંસ્કૃતિક કૃતિઓ તથા નૃત્યનાટિકાઓ, યોગાભ્યાસ, પ્રસ્તુત કર્યા હતા.

. . . . . . . . . . . . .

## REPUBLIC DAY GUJARAT

નવી દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ગુજરાત તરફથી ‘ગુજરાત- આનર્તપુરથી એકતાનગર સુધી – વિરાસતથી વિકાસના અદ્ભુત સંગમ’ની વિષયવસ્તુ આધારિત ઝાંખી રજૂ કરાશે. ગુજરાતની ઝાંખીમાં ૧૨-મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના ‘કીર્તિ તોરણ’થી લઈને ૨૧-મી સદીના ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ના રાજ્યના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી- ઓટોમોબાઇલ અને ઉત્પાદન ક્ષેત્રે રાજ્યની ‘આત્મનિર્ભરતા’’ના વિવિધ વિકાસના પ્રકલ્પોનું અસરકારક નિદર્શન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# KUTCH – SARPANCH INVITATION

દિલ્હી ખાતે યોજાનાર પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના વેરસલપર ગામના સરપંચ અને પાણી સમિતિના પ્રમુખ ઉપસ્થિત રહેશે. કેન્દ્રના જળશક્તિ મંત્રાલયે વેરસલપર ગામના સરપંચ અને પાણી સમિતિના પ્રમુખ રવિલાલ વાલાણી તથા નીતાબેન વાલાણીની પસંદગી કરી રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ખાસ મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ અંગે ગામના સરપંચ રવિલાલ વાલાણી જણાવે છે કે, અંદાજે 700 જેટલી વસતી ધરાવતા આ ગામમાં 100 ટકા ઘરોમાં નળ જોડાણ અને ગટર વ્યવસ્થા, તળાવમાં રીચાર્જ બોર, દૂષિત પાણીના શુદ્ધિકરણ માટેનો પ્લાન્ટ, નિયમિત- પૂરતું અને શુદ્ધ પાણી વિતરણ તથા 50 ટકા મહિલા સભ્યો ધરાવતી પાણી સમિતિ છે.

. . . . . . . . . . . . .

# BOARD TOLL FREE NUMBER

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 અને 12 ની પરીક્ષા માટે ટોલ ફરી હેલ્પલાઇન નંબર 1800-233-500 જાહેર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થી, વાલી અને શાળાના માર્ગદર્શન માટેનો હેલ્પલાઈન નંબર 27 જાન્યુઆરી થી 17 માર્ચ સુધી સવારે 11 કલાકથી સાંજે 6 કલાક

દરમિયાન કાર્યરત રહેશે. જેમાં નિષ્ણાંત કાઉન્સેલર તેમજ મનોચિકિત્સક દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે એમ યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . . .

## GOVERNOR KUTCH VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે કચ્છ જિલ્લાની મુલાકાત લીધી હતી. આ દરમિયાન શ્રીદેવવ્રતે ચાંદ્રાણી ખાતે શ્રી સ્વામીનારાયણ વૈદિક ગુરુકુળનો શિલાન્યાસ કર્યો હતો. જેમાં તેઓ વૈદિક ગુરૂકુળોને દેશની મહત્વની સંપતિ ગણાવી હતી. તેમણે જણાવ્યું કે વૈદિક ગુરૂકુળમાંથી ભારતીય જીવનમૂલ્યો ધરાવતા સંસ્કારવાન વિદ્યાર્થીઓ તૈયાર થશે. તેમણે ઉમેર્યું કે સંતોએ અથાગ તપસ્યા કરીને માનવ કલ્યાણ અને સમાજ ઉદ્ધારના કાર્યો કર્યા છે.

. . . . . . . . . . . . . .

## SURENDRANAGAR- POSHAN UTSAV

સુરેન્દ્રનગરના વઢવાણ ખાતે તાલુકા કક્ષાનો પોષણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આંગણવાડી વર્કર દ્વારા તૈયાર કરેલ ૪૦થી વધુ ટેક હોમ રાશન અને મીલેટમાંથી બનાવેલ વાનગીઓ નિદર્શનમાં મૂકવામાં આવી હતી. વાનગી નિદર્શનમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર

આંગણવાડી કાર્યકરોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ ઊપરાંત લાભાર્થીઓને પોષણ અંગેની નાટક દ્વારા સમજણ આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . . .